નવસારીમાં હોસ્ટેલ ગ્રાઉન્ડમાં ક્રેન પલટી ખાતાં અફરાતફરી

જનતા એપાર્ટમેન્ટ સામે ઝાડ સાથે વીજ ડીપી પણ ધરાશાયી



નવસારી : નવસારી શહેરમાં જનતા એપાર્ટમેન્ટ સામે આવેલા હોસ્ટેલ ગ્રાઉન્ડમાં શુક્રવારે કામગીરી દરમિયાન ક્રેન પલટી જવાની ઘટના બની હતી. ક્રેન અચાનક સંતુલન ગુમાવીને ઊંધી વળી જતાં નજીકમાં આવેલું ઘટાદાર વૃક્ષ અને વીજ કંપનીની ડીપી તેની અડફેટે આવ્યાં હતાં. ક્રેનની ટક્કરથી વૃક્ષનું થડ તૂટી પડ્યું હતું, જ્યારે વીજ ડીપી પણ ધરાશાયી થઈ હતી.

અચાનક બનેલી આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ક્રેન પલટી ખાવાનો જોરદાર અવાજ સાંભળીને સ્થાનિક રહીશો અને આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વૃક્ષ અને વીજ ડીપી ધરાશાયી થતાં વીજ પુરવઠાને પણ અસર પહોંચી હતી. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સલામતીના ભાગરૂપે સંબંધિત વિસ્તારમાં વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો.

જોકે, અકસ્માત સર્જાયો ત્યારે ક્રેનની અડફેટે રાહદારી કે વાહનચાલક આવ્યો નહોતો. પરિણામે સંભવિત મોટી જાનહાનિ ટળી હતી અને સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ઘટનાની જાણ વીજ કંપનીના તંત્રને કરવામાં આવતાં નુકસાનગ્રસ્ત વીજ માળખું તથા ક્રેનને હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

બાંધકામ મંજૂરીઓમાં સરળતા અને સમગ્ર મનપા વિસ્તારમાં સમાન નિયમો લાગુ

વાપીના વિકાસ નકશાને મંજૂરી

ડેવલપર્સ માટે નવા પ્રોજેક્ટની સંભાવના


૧૧ ગામો સાથે વાપી મનપાના વિકાસ નકશાને સરકારની મંજૂરી: ગેઝેટમાં પ્રસિદ્ધ

વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (વુડા) ના વ્યાપથી રિયલ એસ્ટેટ અને ડેવલપર્સ માટે નવી સંભાવના

વાપી : વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભામાં વાપી પાલિકા તેમજ ૧૧ ગામ સાથે વાપી મનપાના વિસ્તારના વિકાસ નકશાને રાજ્ય સરકારે ધનતેરસના દિવસે મંજૂરી આપી દેતા વિકાસ નકશો ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

આમ હવે વાપી મનપાના સમગ્ર વિસ્તારમાં ટીપી તેમજ રિઝર્વ પ્લોટ સાથે વિકાસના નવા અધ્યાયનો આરંભ થશે.

વાપી મનપાની ટીપી કમિટીએ વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીના વિકાસ નકશાને મંજૂર કરીને વાપી મનપાની સામાન્ય સભામાં બહાલી આપી સરકારમાં દરખાસ્ત કરી હતી. જોકે ગણતરીના દિવસોમાં જ વાપી મનપાના વિકાસ



નકશાને સરકારની મંજૂરી મળી જતા હવે વાપી મનપાના નવા વિસ્તાર એવા ૧૧ ગામમાં બાંધકામની મંજૂરીમાં સરળતા રહેશે. નવા કોમર્શિયલ તેમજ રહેણાંકના બાંધકામો માટે હવે મનપાના તમામ વિસ્તારમાં સરખા નિયમો લાગુ થઈ જશે.

વાપી મનપાના વિસ્તાર તેમજ ટુકવાડાને વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વાપીની આસપાસના અન્ય વિસ્તારને આગામી સમયમાં વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (વુડા)માં સમાવેશ કરવામાં આવશે. જોકે વિકાસ નકશા અંગે મનપાએ આ વિસ્તારના દરેક ક્ષેત્રના લોકો સાથે ખુલ્લા મંચ પર ચર્ચા કરી હતી.

ત્યાર બાદ વિકાસ નકશાને લીલી ઝંડી આપવામાં આવી છે. હવે વાપીના ડેવલપર્સ માટે ૧૧ ગામમાં નવા પ્રોજેક્ટ માટે સંભાવનાઓ વધી ગઈ છે.

વીજ બિલ જોઈ ગ્રાહકોને લાગ્યો કરંટ

દક્ષિણ ગુજરાતમાં બિલની રકમમાં મોટો ઉછાળો

DGVCLએ નોટિસથી કર્યો ખુલાસો



નવસારીઃ દક્ષિણ ગુજરાતમાં વીજ બિલના આંકડા જોઈને ગ્રાહકોના હોંશ ઊડી ગયા છે. ચાલુ મહિનામાં અનેક રહેણાંક અને વાણિજ્યિક વીજ ગ્રાહકોને અગાઉની સરખામણીએ વધુ રકમનાં બિલ મળતાં વીજ વપરાશકારોમાં ભારે ચર્ચા અને નારાજગી ફેલાઈ છે. સામાન્ય ઘરવપરાશના બિલમાં પણ નોંધપાત્ર વધારો દેખાતાં ગ્રાહકો દ્વારા વીજ કંપનીની બિલિંગ પદ્ધતિ સામે સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે.

નવસારી સહિત DGVCLના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારોમાં આ મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. કેટલાક ગ્રાહકો માટે વધારાની બિલ રકમ અણધાર્યો ખર્ચ બનીને સામે આવી છે. સોશિયલ મીડિયા પર પણ વીજ બિલના વધારા અંગે લોકો પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યા છે.

ગ્રાહકોની ફરિયાદો વચ્ચે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડે સત્તાવાર નોટિસ પ્રસિદ્ધ કરીને બિલમાં વધારાના સંભવિત કારણો સમજાવ્યાં છે. કંપનીના ખુલાસા મુજબ, હવામાનમાં આવેલા ફેરફારને કારણે વીજ વપરાશ વધ્યો હોવાની સાથે બિલિંગ સમયગાળાના દિવસોમાં તફાવત, FPPPA ચાર્જમાં થયેલો નિયમ મુજબનો ફેરફાર અને વીજ વપરાશના સ્લેબ પ્રમાણે લાગુ પડતા દરોની અસર બિલની અંતિમ રકમ પર પડી છે.

ફ્યૂલ અને પાવર પરચેઝ એડજસ્ટમેન્ટ સરચાર્જ મુખ્ય કારણ

ડીજીવીસીએલ સહિત ગુજરાતની વીજ વિતરણ કંપનીઓના વીજ બિલમાં તાજેતરમાં પ્રતિ યુનિટ આશરે ૩૦ થી ૪૫ પૈસા સુધીનો વધારો જોવા મળ્યો છે. જેના લીધે ગ્રાહકોના કુલ બિલમાં અંદાજે ૩.૯૯% સુધીનો આર્થિક બોજ વધ્યો છે. આ વધારા પાછળના મુખ્ય કારણની વાત કરીએ તો FPPAS (ઇંધણ અને વીજ ખરીદી સમાયોજન ચાર્જ) માં વધારો હોવાનું છે તેમજ વીજ બિલ વધવાનું સૌથી મુખ્ય કારણ FPPAS (Fuel and Power Purchase Adjustment Surcharge) છે. તાજેતરમાં બેઝ FPPAS દર ₹. ૨.૩૦ પ્રતિ યુનિટથી વધીને ₹. ૨.૪૫ પ્રતિ યુનિટ થયો છે. આ ઉપરાંત તેના પર વધારાનો વેરિએબલ સરચાર્જ પણ ઉમેરાયો છે, જેના લીધે ગ્રાહકના અંતિમ બિલ પર પ્રતિ યુનિટ રકમ વધી જાય છે.

DGVCLએ જણાવ્યું છે કે વીજ બિલ મીટરના વાસ્તવિક રીડિંગના આધારે તૈયાર કરવામાં આવ્યાં છે અને બિલિંગમાં કોઈ અનિયમિતતા થઈ નથી. તેમ છતાં, બિલમાં દર્શાવેલા વીજ વપરાશ કે વસૂલવામાં આવેલી રકમ અંગે કોઈ શંકા હોય તો ગ્રાહકોને સંબંધિત પેટા-વિભાગીય વીજ કચેરીનો સંપર્ક કરી ચકાસણી કરાવવા અપીલ કરવામાં આવી છે. જોકે, કંપની દ્વારા કારણો રજૂ કરવામાં આવ્યાં હોવા છતાં ગ્રાહકોની મુખ્ય માગણી એ છે કે બિલમાં થયેલા વધારાની પારદર્શક સમજ આપવામાં આવે અને કોઈ ભૂલ હોય તો તાત્કાલિક સુધારો કરવામાં આવે. હવે વીજ કંપનીની સ્પષ્ટતા ગ્રાહકોને કેટલી સંતોષકારક લાગે છે તે જોવું રહ્યું.

ડાંગમાં મતદારયાદી કાર્યક્રમ અન્વયે ચૂંટણી અધિકારીની રાજકીય પક્ષો સાથે બેઠક

સાપુતારા : લોકશાહીના પાયાને વધુ મજબુત બનાવવા ક્ષતિરહીત મતદારયાદી તૈયાર કરવા અને મતદાનનો હક ધરાવતો એકપણ મતદાર મતદાનથી વંચિત ન રહે તે માટે ચૂંટણી પંચના આદેશ અનુસાર ખાસ સંક્ષિપ્ત મતદારયાદી સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે. જે અનુસંધાને ડાંગ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર એન.ડી. પરમાર દ્વારા રાજકીય પક્ષોના પ્રતિનિધીઓ સાથે આજરોજ તા ૦૩/૧૧/૨૦૨૬ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજકીય પક્ષોને સદરહુ કાર્યક્રમ અન્વયે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ રાજકીય પક્ષોને સહયોગ આપવા અને ડાંગ જિલ્લાના તમામ નાગરિકોને આ ખાસ ઝુંબેશનો લાભ લેવા અપીલ કરવામાં આવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

ખેરગામના પ્રગટેશ્વર મહાદેવ મંદિરમાં ધનતેરસની પૂજા ભક્તિભાવપૂર્વક સંપન્ન



ખેરગામ : ખેરગામ સ્થિત પ્રગટેશ્વર મહાદેવ મંદિર ભક્તિ ધામમાં ધનતેરસના પવિત્ર પર્વ નિમિત્તે ધર્માચાર્ય પ્રભુદાદા અને રમાબાના પાવન સાનિધ્યમાં ધનતેરસની વિશેષ પૂજાનું ભક્તિભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઊઠ્યું હતું. સમગ્ર પૂજાવિધિ કર્મકાંડ આચાર્ય કશ્યપ જાની અને અનિલભાઈ જોશી દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે શાસ્ત્રોક્ત વિધિથી સંપન્ન કરાવવામાં આવી હતી. પૂજા દરમિયાન ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ શ્રદ્ધા અને આસ્થાપૂર્વક ભાગ લઈ સુખ, સમૃદ્ધિ, આરોગ્ય અને પરિવારની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. આ ધાર્મિક પ્રસંગે મયંક બ્રહ્મભટ્ટ, અપ્પુ પટેલ, અમિત પટેલ સહિતના અનેક આગેવાનો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ પૂજામાં સહભાગી બની ધનતેરસના પર્વની ઉજવણી કરી હતી. સમગ્ર કાર્યક્રમ શ્રદ્ધા, ભક્તિ અને આધ્યાત્મિક માહોલમાં સંપન્ન થયો હતો.

ચીખલીના ઘેજ ગામના શિક્ષકનો વિદાય સમારોહ યોજાયો



ઘેજ : ચીખલી તાલુકાના ઘેજ ગામના ભરડાના વય મર્યાદાના કારણે નિવૃત્ત થયેલા પ્રાથમિક શિક્ષકનો ભવ્ય વિદાય સન્માન સમારોહ યોજાયો હતો. શિક્ષક અશોકભાઈ છોટુભાઈ પટેલે શિક્ષક તરીકેની શરૂઆત સુબીરથી કર્યા બાદ કપરાડા અને ત્યારબાદ વય મર્યાદાના કારણે કલવાડા પ્રાથમિક શાળામાં ૨૭ વર્ષની ફરજ બાદ આચાર્યા પદેથી નિવૃત્ત થતા શાળામાં વિદાય સન્માન સમારોહ યોજાયા બાદ રેલી યોજવામાં આવી હતી. ભરડામાં આગેવાન ખાલપભાઈ, ઉત્તમભાઈ, કાળીદાસભાઈ, તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ ધર્મેશભાઈ, શિક્ષક આગેવાન ચેતનભાઇ સહિતનાની ઉપસ્થિતિમાં અશોકભાઈ અને તેમના ધર્મપત્ની બિંદુબેનનું સન્માન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે મહાનુભવોએ અશોકભાઈના શિક્ષક તરીકેના યોગદાનને બિરદાવી હતી. અશોકભાઈ અને પરેશભાઈ સહિતની ટીમના જલારામ ધામના નિર્માણ સમયે નાણાંકીય સહિતના કારભારને પગલે દાતાઓમાં વિશ્વાસ સંપાદન કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી અને તેમાં જોડાયેલા પરેશભાઈ, ચેતનભાઇ, ભરતભાઈ, મોહિત પટેલ, ભાર્ગવ પટેલ, ધવલભાઈ, દિવ્યેશભાઈ, સાગર પટેલ, રિકી માસ્ટર, મહેશભાઈ સહિતનાઓ દ્વારા પણ વિશેષ સન્માન કરી દીર્ઘાયુષ્યની શુભકામના પાઠવી હતી.

બ્રાઇટ સ્ટાર સ્કૂલ અને જે. જે. મહેતા સ્કૂલમાં ઉત્સાહભેર ઉજવાયું દિવાળી પર્વ



બીલીમોરા : આધુનિક યુગમાં વિદ્યાર્થીઓ પોતાની ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓથી જોડાયેલા રહે તે હેતુસર, તાજેતરમાં બ્રાઇટ સ્ટાર ઇન્ટરનેશનલ સ્કૂલ અને જે. જે. મહેતા સ્કૂલ ખાતે દિવાળીના તહેવારની ભવ્ય અને ઉત્સાહસભર ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે બંને શાળાઓના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓથી વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં બ્રાઇટ સ્ટાર ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા એક નાટક ભજવાયું હતું. જેમાં રામસેતુના નિર્માણ કાર્યમાં નાનકડી ખિસકોલીના યોગદાનને દર્શાવીને એવો સુંદર સંદેશ અપાયો કે, કોઈપણ સત્કાર્યમાં નાનું યોગદાન પણ ખૂબ જ મૂલ્યવાન હોય છે. બીજી તરફ, જે. જે. મહેતા સ્કૂલના વિદ્યાર્થીઓએ ૧૪ વર્ષના વનવાસ બાદ ભગવાન શ્રીરામના અયોધ્યા આગમન અને સ્વાગત પર આધારિત મનમોહક નૃત્ય રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વિદ્યાર્થીઓમાં રહેલી કળાને બહાર લાવવા માટે આ ઉજવણી અંતર્ગત 'દિયા ડેકોરેશન' (દીવડા સુશોભન) અને રંગોળી સ્પર્ધાઓનું પણ આયોજન કરાયું હતું, જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સફળ આયોજન બદલ શાળા ટ્રસ્ટના પ્રમુખ ડો. સૂર્યાકાન્ત પટેલ, મંત્રી નીના મહેતા, ટ્રેઝરર મનીષ દેસાઈ તેમજ ટ્રસ્ટીઓ જયશ્રી દેસાઈ, પ્રથમેશ વશી અને અશોક ભટ્ટએ વિદ્યાર્થીઓની મહેનત અને શિક્ષકોના સમર્પણ ભાવનાને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

તહેવારની ખરીદી સમયે વીજ તંત્રની લાપરવાહી સામે રોષ

દિવાળી ટાણે વીજ લાઈનમાં સ્પાર્કિંગ અને આગથી દોડધામ

સ્ટેડિયમ રોડ બાદ ટાવર પાસે ડીપીમાં તણખલા ઝરતા વીજ કંપનીના મેન્ટેનન્સ સામે સવાલો

ફટાકડા બજાર નજીક મોટી હોનારત સહેજમાં ટળી

વીજ તંત્રની આવી લાપરવાહી કોઈ મોટી જાનહાનિ નોતરી શકી હોત



દિવાળી જેવા સૌથી મોટા તહેવાર ટાણે જ ભરચક વિસ્તારોમાં સતત બે દિવસ વીજ તાર અને ડીપીમાં થયેલા સ્પાર્કિંગથી નગરજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ફટાકડા બજાર જેવા સંવેદનશીલ સ્થળોએ વીજ તંત્રની આવી લાપરવાહી કોઈ મોટી જાનહાનિ નોતરી શકી હોત. ત્યારે વીજ કંપની દ્વારા લાઈનો અને ડીપીના મેન્ટેનન્સમાં વેઠ ઉતારવામાં આવી રહી છે કે કેમ, તેવા તીખા સવાલો સ્થાનિકો ઉઠાવી રહ્યા છે અને તાત્કાલિક શહેરભરમાં વીજ લાઈનોનું યોગ્ય સમારકામ કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

વલસાડ : દિવાળીના તહેવારોની ખરીદીને પગલે બજારોમાં ભીડ ઉમટી રહી છે ત્યારે વલસાડ શહેરમાં સતત બે દિવસ વીજ લાઈનમાં સ્પાર્કિંગ અને આગના બનાવો સામે આવતા ભારે અફરાતફરી સર્જાઈ છે. ખાસ કરીને ફટાકડાના સ્ટોલ અને ભરચક વિસ્તારો નજીક બનેલી આ ઘટનાઓએ વીજ કંપનીની પ્રિ-મોન્સૂન કે નિયમિત મેન્ટેનન્સની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

ગત રોજ શહેરના સ્ટેડિયમ રોડ પર વીજળીના તારમાં અચાનક જોરદાર તણખલા ઝર્યા હતા અને શોર્ટ સર્કિટ સર્જાયું હતું. આ વિસ્તારમાં તહેવાર નિમિત્તે અનેક ફટાકડાની લારીઓ ગોઠવાયેલી હોવાથી ક્ષણભર માટે ત્યાં ઉપસ્થિત વેપારીઓ અને ગ્રાહકોમાં જીવ તાળવે ચોંટી ગયા હતા. સદનસીબે વીજ તણખલા ફટાકડાના જથ્થા પર ન પડતાં એક મોટી હોનારત સહેજમાં ટળી ગઈ હતી અને લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

આ ઘટનાની કળ વળે તે પહેલાં જ આજે શહેરના હૃદયસમા ટાવર વિસ્તારમાં બીજી દુર્ઘટના બની હતી. ટાવર પાસે આવેલા વીજ થાંભલા પરની ડીપીમાં અચાનક સ્પાર્કિંગ સાથે તણખલા ઝર્યા હતા, જેના કારણે જોતજોતામાં ડીપી અને વાયરો સળગવા લાગ્યા હતા. વાયરો બળવાના પગલે સમગ્ર વિસ્તારમાં ઘટ્ટ ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતાં. ધુમાડાના કારણે રાહદારીઓ અને વાહનચાલકો અટવાઈ પડતાં મુખ્ય માર્ગ પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો.

વલસાડ-વાપીના બજારોમાં દિવાળીની ખરીદીનો ધમધમાટ



■ દિવાળીને માંડ ગણતરીના દિવસો બાકી રહ્યા છે તો બીજી તરફ વલસાડ સહિત વાપી વિસ્તારોના બજારોમાં દિવાળી લાઇટીંગ, મીઠાઈ, કપડા સહિત ઘરવખરીની ચીજવસ્તુઓના સેલ ડિસ્કાઉન્ટ સહિત ખરીદી ઉપર આકર્ષક ભેટ અંગેના બોર્ડ દુકાનો અને શો રૂમ ઉપર જોવા મળી રહ્યા છે. તો બીજી તરફ કંપની, ઓફિસો કે દુકાનોમાં કામ કરનારાઓના પગાર-બોનસ પણ ધીરે-ધીરે થઈ રહ્યા છે. તે મુજબ બજારોમાં ખરીદી માટેની ઘરાકી નીકળી રહી છે. દિવાળી તહેવારને લઈ વાપી તથા વલસાડ બજારોમાં ખરીદી માટે મોટી સંખ્યામાં ભીડ જામી રહી છે.

દિવાળીના તહેવારોમાં વલસાડ એસટી વિભાગની ઉત્તમ પહેલ

વધારાની બસો દોડાવી રૂપિયા 8 લાખથી વધુની આવક મેળવી

મુસાફરોના ભારે ધસારાને ધ્યાનમાં રાખી 6 ડેપો દ્વારા દૈનિક 60 વધારાની બસોનું આયોજન

વલસાડ : વલસાડ એસટી વિભાગ દ્વારા વધારાની બસો દોડાવવામાં આવી રહી છે. વલસાડ એસટી વિભાગે વધારાની બસો દોડાવી અત્યાર સુધીમાં રૂપિયા 8 લાખથી વધુની આવક મેળવી 6 ડેપો દ્વારા દૈનિક 60 વધારાની બસોનું આયોજન થયું છે.

વલસાડ એસટી ડિવિઝનના તમામ ડેપો દ્વારા દિવાળીના તહેવારોને ધ્યાને લઈ 1 નવેમ્બરથી તા.5 નવેમ્બર સુધી આહવા ડેપોથી સુરત, ચીખલી, વાપી, વલસાડ, સોનગઢ, લુણાવાડા, બીલીમોરા ડેપોથી આહવા, વલસાડ- નવસારી, બારડોલી, અમદાવાદ, દાહોદ, ધરમપુર ડેપોથી સુરત, અમદાવાદ, દાહોદ, નવસારી ડેપોથી બારડોલી- છોટાઉદેપુર, નાશિક, ધરમપુર, સુરત-વાપી, લીમખેડા તેમજ ગાંધીધામ, લુણાવાડા અને બોરીયા માટેનું ગ્રુપ બુકિંગથી બસ સર્વિસોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. વલસાડ ડેપોથી આહવા, નાશિક, દાહોદ અને વાપી ડેપોથી અંકલેશ્વર, દાહોદ, નાશિક સુધી એકસ્ટ્રા સંચાલન કરવામાં આવ્યું છે. જેમાં આજદિન સુધીમાં કુલ 135 ટ્રીપથી કુલ રૂપિયા 8,00,698 ની આવક મેળવી છે. વિભાગના તમામ ૬ ડેપો દ્વારા દૈનિક 10-10 બસો મળી કુલ 60 બસોનું એકસ્ટ્રા સંચાલન દરમ્યાન દૈનિક મુસાફરો ધસારાના ધ્યાને લઈ આયોજન કરવામાં આવશે. નવા વર્ષ બાદ ભાઈબીજથી લઈ વેકેશન પુર્ણ થાય ત્યાં સુધી તમામ ડેપો દ્વારા તમામ વિદ્યાર્થી ટ્રીપો બંધ કરી એકસ્ટ્રા એક્ષપ્રેસ/લોકલ બસોનું સંચાલન કરવામાં આવશે.

દારૂની હેરાફેરી કરતા બે ઝડપાયા



પારડી : દિવાળી પર્વના ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે બુટલેગરો સંઘપ્રદેશ દમણથી દારૂની હેરાફેરી કરતા પોલીસે પણ લાલ આંખ કરી છે. પારડી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમીના આધારે, ખેરલાવથી ખૂંટેજ તરફ જતા રોડ પર સઘન નાકાબંધી કરવામાં આવી હતી. આ દરમિયાન શંકાસ્પદ કાર નંબર GJ-21-M-5547 ને રોકીને તલાશી લેવામાં આવતા કારમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ 1056 નંગ બોટલ જેની કિંમત રૂપિયા 2.70 લાખનો જથ્થો ઝડપી પાડ્યો હતો અને મનમોહન ઝલર ઢરુભાઈ વર્મા અને મયુર ઉર્ફે કિષ્ણા રમેશભાઈ રામજીભાઈ ચૌહાણ (બંને રહે. નવસારી) ને ઝડપી પાડ્યા હતા. પોલીસ પૂછપરછમાં દારૂમાં સંડોવાયેલ હરિઓમ તથા લક્ષ્મીનારાયણને વોન્ટેડ જાહેર કર્યા હતા.